
મ્યુઝિયમો અને સાંસ્કૃતિક સુવિધાઓ અને ગાઇડેડ ટૂર્સ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

આ જે તે સૅક્ટર માટેનાં વિશિષ્ટ COVID-19 કાર્યસ્થળ સુરક્ષાનાં ધોરણો મ્યુઝિયમ ફરીથી ખૂલી રહ્યા છે ત્યારે આવી સુવિધાઓના માલિકો અને ઑપરેટરોને અને કામદારો તથા મુલાકાતીઓને COVID-19ના ફેલાવા સામે રક્ષણ આપવામાં મદદ કરવા માટેની સૂચનાઓ આપે છે. નીચે "મ્યુઝિયમ" હેઠળ આવરી લેવામાં આવેલી સુવિધાઓમાં મ્યુઝિયમો, માછલીઘરો અને ઇન્ડોર તથા આઉટડોર ઐતિહાસિક જગ્યાઓ અને સ્થળો તથા ગાઇડેડ ટૂર્સનો સમાવેશ થાય છે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

પ્રત્યેક મ્યુઝિયમ મુલાકાતીઓના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે અને નીચે મુજબ બધા જ સમયે જનતા માટે પ્રત્યેક ઇમારત ખુલ્લી રાખવા માટે હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખે તે અનિવાર્ય છે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે મ્યુઝિયમની ક્ષમતાના 40 % જેટલા લોકો જ હાજર રહી શકશે
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઇ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી સુવિધાઓ ઍક્સેસિબલ ઇન્ડોર કે આઉટડોર સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 8 વ્યક્તિઓ (સ્ટાફ સહિત)ને મંજૂરી આપી શકશે
- કોઇ પણ સ્થિતિમાં સુવિધાની અંદરની બંધ જગ્યામાં 1,000 ચોરસ ફીટ દીઠ 8થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- તમામ હાજર વ્યક્તિઓની સંખ્યા અને ગણતરીઓમાં ગ્રાહકો, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થશે

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો:

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનનાં ક્ષેત્રો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઇએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઇએ)
- જ્યાં શક્ય હોય ત્યાં ટિકિટ કાઉન્ટર, ચેકઆઉટ સ્ટેશનો વગેરે માટે ભૌતિક આડશો બેસાડો
- મુલાકાતીઓને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., લાગુ પડતું હોય તો મ્યુઝિયમની બહાર લાઇનો, ચૂકવણી કરવા માટે લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો)
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે નમૂનાઓ ધરાવતા રૂમો અને હૉલવે પર નિશાન કરો

6 ફૂટનું સામાજિક અંતર જાળવવા વિશે અને અંતર જાળવવામાં ન આવે ત્યાં સુધી રૂમમાં પ્રવેશ ન કરવાની જરૂરિયાત વિશે સ્પષ્ટ દેખાય એવું પાટિયું પોસ્ટ કરો

જો શક્ય હોય તો સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે મુલાકાતીઓનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. રૂમો / નમૂનાઓમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો

બધા કામદારો અને મુલાકાતીઓ માટે ફેસ કવરિંગ આવશ્યક બનાવો, સિવાય કે રોગ અથવા વિકલાંગતાના કારણે તેમ કરવું અસુરક્ષિત હોય

જ્યાં શક્ય હોય ત્યાં ગાઇડનાં ઇલેક્ટ્રૉનિક સંસ્કરણો (જેમ કે પત્રિકાઓ અથવા ગૅલેરી ગાઇડ્ઝ)ના ઉપયોગને પ્રોત્સાહન આપો. ઉપયોગની વચ્ચે તમામ ભૌતિક ગાઇડની સામગ્રી (જેમ કે ચોપાનિયાં, ગૅલરી ગાઇડ અને ઑડિયો ગાઇડ્ઝ) ફેંકી દેવાની રહેશે અથવા ઉપયોગની વચ્ચે સૅનિટાઇઝ કરવાની રહેશે. કોઇ પણ સૅલ્ફ-સર્વ રૅક્સ દૂર કરવી જોઇએ અને બધી સામગ્રી વ્યક્તિગતપણે આપવામાં આવવી જોઇએ

### ગાઇડેડ ટૂર્સ માટે ગ્રૂપના કદની મર્યાદાઓ

બસ અથવા અન્ય વાહન (જેમ કે ટ્રૉલી, હાર્બર ક્રૂઝ વેસલ અથવા ડક બોટ)નો ઉપયોગ કરનાર પ્રત્યેક ટૂર ઑપરેટર જે તે મ્યુનિસિપલ રેકૉર્ડ ધારક સાથે રેકૉર્ડ પર હોય એવી હાજર વ્યક્તિઓની માન્ય સંખ્યાના 50% સંખ્યા સુધી જ તમામ સમયે ટૂર, વાહન અથવા વેસલ પર મર્યાદિત રાખે તે અનિવાર્ય છે

મુસાફરોનો સમાવેશ કરવા માટે જેનો ઉપયોગ થઇ શકે એવી ખુલ્લી ડૅક સ્પેસ સાથે વેસલ્સનો ઉપયોગ કરીને કરાતી બોટ ટૂર્સ માટે હાજર વ્યક્તિઓની સંખ્યાની મર્યાદાઓ ફૉર-હાયર અને ચાર્ટર વેસલ્સ માટે કાર્યસ્થળની સુરક્ષા અને ફરીથી ખોલવા માટેનાં ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે ચાર્ટર બોટમાં હાજર વ્યક્તિઓની સંખ્યાની મર્યાદાઓ નક્કી કરવા માટે વપરાતા સૂત્ર અનુસાર નક્કી કરવામાં આવશે

જેના માટે હાજર વ્યક્તિઓની માન્ય સંખ્યાની મર્યાદા રેકૉર્ડ પર હોય એવી જગ્યાઓ માટેની ટૂર હાજર વ્યક્તિઓની સંખ્યા રિઓપનિંગ વેબસાઇટ પર ઇન્ડોર અને આઉટડોર પ્રસંગના નિર્દેશોના આધાર પ્રમાણે મર્યાદિત રાખે તે અનિવાર્ય છે.

તમામ હાજર વ્યક્તિઓ અને ગણતરીઓમાં ગ્રાહકો અને કામદારોનો સમાવેશ થશે

વાહન પર મુસાફરોના સમૂહોને ખાલી બેઠકો પ્રમાણે અલગ કરવામાં આવવા જોઇએ. જો તે શક્ય ન હોય તો વાહનોને ખુલ્લી હરોળોમાં છૂટાછવાયાં રાખવા જોઇએ

ચાલીને કરવાની ટૂરમાં ટૂર ઑપરેટરો ગ્રૂપનું કદ વધુમાં વધુ 10 વ્યક્તિઓ સુધી જ મર્યાદિત રાખે તે અનિવાર્ય છે

ગાઇડ અને મહેમાનોએ 6 ફૂટનું અંતર જાળવવું જોઇએ અને ફેસ કવરિંગ પહેરવાં જોઇએ

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

મ્યુઝિયમોને CDC દ્વારા આપેલી વ્યાખ્યા પ્રમાણે ઊંચા જોખમ હેઠળની વસ્તી માટેના વિશિષ્ટ કલાકો કે અન્ય વસવાટ આપે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે

જો શક્ય હોય તો ઑનલાઇન ટિકિટનાં વેચાણ અને ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિને પ્રોત્સાહન આપો

હાજર વ્યક્તિઓની સંખ્યાની મર્યાદાઓનું પાલન થાય તેની ખાતરી કરવા માટે નિશ્ચિત સમયની ઍન્ટ્રી ટિકિટો / આરક્ષણનો ઉપયોગ કરવા વિશે અને મુલાકાતો માટે સમયમર્યાદાઓ રાખવાનો વિચાર કરો

ટૂર પાર્ટીઝ એક જ ઘરના સભ્યો સુધી મર્યાદિત રાખવાની ભલામણ કરો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### આરોગ્ય પ્રોટોકોલ્સ

જ્યાં શક્ય હોય ત્યાં સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધા સરળતાથી મળી શકે તેની ખાતરી કરો અને વારંવાર હાથ ધોવાનો આગ્રહ કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર, ઍક્ઝિટ અને સમગ્ર ફ્લોર એરિયાઝમાં કામદારો તેમજ મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કામદારોની વચ્ચે ઉપકરણો અને પુરવઠો શેઅર કરવાનું ટાળો

અન્ય કર્મચારી દ્વારા ઉપયોગ પૂર્વે સહિયારા ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકોલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં.

### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો)

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે સુવિધાકેન્દ્રોએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વૉરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

સંભવિત કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને મુલાકાતીઓની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ કામ પર આવી શકશે નહિ

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વૉરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાનાં ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને મુલાકાતીઓને નોટિસ પોસ્ટ કરવી

ઇન્ટરૅક્ટિવ ઍક્ઝિબિટ્સ કે નમૂનાઓ (એટલે કે ટચ અને ફીલ ઍક્ઝિબિટ્સ, પ્લે એરિયાઝ) બંધ કરવા જોઈએ અથવા 6 ફૂટનું અંતર સ્પષ્ટ આંકીને તેમની રચના કરવી જોઈએ અને ત્યાં વારંવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયાઓ કરવી જોઈએ. સુરક્ષિત ઉપયોગને ઉત્તેજન આપવા માટે હૅન્ડ હાઇજીન સ્ટેશન (સાબુ અને પાણી અથવા આલ્કોહૉલ આધારિત હૅન્ડ સૅનિટાઇઝર) ઍક્સેસિબલ બનાવવું જોઈએ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### સ્ટાફ અને કામગીરીઓ

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે. ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- રેસ્ટોરાં: રેસ્ટોરાંના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ભેટની દુકાનો: રિટેઇલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- પરફોર્મન્સ માટેનાં સ્થળો: પરફોર્મન્સ માટેના સ્થળના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- મહત્ત્વની ઘટનાઓ: ઇન્ડોર અને આઉટડોર પ્રસંગો માટે નવીનતમ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

### સફાઈ અને રોગાણુનાશન

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હેન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમો, ટિકિટ કાઉન્ટર્સ, સ્ટાફ બ્રેક રૂમો)

કોઈ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઈ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો